# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી દ્વારા તમામ વિજ્ઞાન પ્રવાહ ની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ/વિદ્યાર્થીઓને જણાવવાનું કે, માર્ચ-૨૦૨૦ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ તારીખ ૧૭/૦૫/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી/અવલોકન માટેની અરજીઓ ONLINE માધ્યમથી સ્વીકારવામાં આવેલ હતી. માર્ચ-૨૦૨૦ની ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ પરીક્ષાની ગુણ ચકાસણી/અવલોકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદના પ્રત્યુત્તરમાં નીચે મુજબના દસ્તાવેજ

૧)અવલોકન/ગુણચકાસણીનો જવાબ(Reply)

૨)OMR ની નકલ

3)OMR ની ચકાસણીનો રીપોર્ટ

ONLINE માધ્યમથી બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા sci.gseb.org પર તા. ૨૨/૦૭/૨૦૨૦ થી તા. ૦૫/૦૮/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી Online Download કરી શકાશે. અવલોકન/ગુણચકાસણીના જવાબો ONLINE માધ્યમથી Download કરવા માટે આપના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (Seat Number, Mobile Number અને પાસવર્ડ) નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે અને અવલોકન /ગુણચકાસણી બાદનો જવાબ (રીપોર્ટ), OMR ની નકલ અને OMR રીપોર્ટ(લાગુ પડતુ હોય તે) ડાઉનલોડ કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો છે તેઓને શાળાના સરનામે સુધારેલ ગુણપત્રક મોકલી આપવામાં આવશે. ગુણ સુધારણા બાદ ૧ અથવા ૨ વિષયમાં અનુતિર્ણ રહેવાના કારણે જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષાને પાત્ર થતા હોય તે કિસ્સામાં શાળાના લેટરહેડ પર વિદ્યાર્થીઓની યાદી(Seat No અને નામ) સાથે વિગત સહિતની અરજી અને પરીક્ષા ફી (જો ભરવા પાત્ર થતી હોઇ તો) સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી તમામ દસ્તાવેજો સાથે મદદનીશ સચિવ (વિજ્ઞાન પ્રવાહ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના નામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

સરકારશ્રી દ્વારા કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપેલ છે, તેથી તેઓની ફક્ત વિગત મોકલી આપવાની રહેશે. આ સંબંધિત કાર્યવાહી માટે રૂબરૂ આવવાની જરૂરીયાત રહેશે નહી.

ચાલુ વર્ષે-૨૦૨૦થી અવલોકન/ગુણચકાસણીના જવાબ ફકત ONLINE માધ્યમથી આપવામાં આવશે. ચાલુ વર્ષ ૨૦૨૦ થી અવલોકન/ગુણચકાસણીના જવાબ ટપાલ દ્વારા મોકલી આપવાની પધ્ધતિ અમલમાં રહેશે નહી. જેની તમામ આચાર્યશ્રીઓ / વાલી-વિદ્યાર્થીએ નોંધ લેવા વિનંતી.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૨૨/૦૭/૨૦૨૦
સ્થળ :- ગાંધીનગર